# બાસણ ખાતે "બીપીએલ" લીગ નાઈટ ક્રિકેટ ઓપન ટુર્નામેન્ટનું આયોજન

**રોયલ કિંગ હોટેલ સામે તા.૨૫મીથી પ્રારંભ : વિજેતા ટીમને ૫૧ હજાર અને રનર્સઅપ ટીમને ૨૧ હજારનું ઇનામ મળશે**

ગાંધીનગર, તા.૧૯

દેશભરમાં અત્યારે જ્યાં આઈપીએલ-૨૦૨૩ ક્રિકેટ ટુર્નામેન્ટની બોલબાલા ચાલી રહી છે ત્યારે ગાંધીનગરમાં પણ ક્રિકેટની મોસમ પુર બહારમાં જામી રહી છે. શહેરમાં વિવિધ સંસ્થાઓ અને રાજકીય આગેવાનો દ્વારા નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજન કરવામાં આવ્યાં છે. આ સાથે ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તાર બાસણ ગામના યુવાનો દ્વારા પણ બાસણ પ્રીમિયર લીગ "બીપીએલ" નામની નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટ તા. ૨૫મી એપ્રિલથી બાસણ ગામે રોયલ કિંગ હોટલની સામેના મેદાનમાં રમાડાશે.

બીપીએલ નાઈટ ક્રિકેટ ઓપન ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે આયોજકો દ્વારા પ્રત્યેક ટીમ માટે એન્ટ્રી ફી રૂ.૫૫૦૦ રાખવામાં આવી છે. બાસણ પ્રીમિયર લીગ નાઈટ ક્રિકેટ ઓપન ટુર્નામેન્ટમાં ફાઈનલ વિજેતા ટીમને રૂ.૫૧,૦૦૦ અને ટ્રોફી જ્યારે રનર્સ અપ ટીમને રૂ.૨૧,૦૦૦ અને ટ્રોફી એનાયત કરાશે. આ ઉપરાંત મેન ઓફ ધ સિરિઝને પ્રોત્સાહન ઈનામ અને ટ્રોફી, બેસ્ટ બોલર અને બેસ્ટ બેટ્સમેનને પણ પ્રોત્સાહન ઈનામ અને ટ્રોફીથી સન્માનિત કરાશે.

આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે રવિરાજસિંહ વાઘેલાનો મો. નં. ૮૧૬૦૦ ૯૩૦૦૬, યુવરાજસિંહ વાઘેલાનો મો. નં. ૯૬૬૨૨ ૦૬૮૦૧ અથવા રમેશભાઈ ઠાકોરનો મો. નં. ૯૮૯૮૯ ૭૨૭૪૪ ઉપર સંપર્ક સાધી શકાશે તેવું આયોજકો દ્વારા જણાવાયું છે.

# ગાંધીનગરમાં યોજાયો સ્ટેટ એન. એસ. એસ એવોર્ડ વિતરણ કાર્યક્રમ

**પ્રોગ્રામ કોઓર્ડિનેટર, પ્રોગ્રામ ઓફિસર્સ અને એન.એસ.એસના વિદ્યાર્થી સ્વયં સેવકોને પુરસ્કાર તથા મોમેન્ટોથી સન્માનિત કરાયા**



ગાંધીનગર,તા.૧૯

એન.એસ.એસના વિદ્યાર્થી સ્વયં સેવકો, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ અને પ્રોગ્રામ કોઓર્ડિનેટર દ્વારા સમુદાય સેવામાં અપાઇ રહેલા ઉત્કૃષ્ટ યોગદાનને ઓળખી તેને પ્રોત્સાહિત કરવા માટે રાષ્ટ્રીય કક્ષાની સાથે સાથે રાજ્ય કક્ષાએથી પણ ''રાષ્ટ્રીય સેવા યોજના પુરસ્કાર'' આપવામાં આવે છે. પ્રતિ વર્ષે વિવિધ સ્તરે આપવામાં આવતા આ પુરસ્કાર વિતરણ કાર્યક્રમનું આયોજન આજે ગાંધીનગર ખાતે કરવામાં આવ્યુ હતું. જેમાં ૧ પ્રોગ્રામ કોઓર્ડિનેટર, ૫ પ્રોગ્રામ ઓફિસર્સ અને ૧૦ એન.એસ.એસના વિદ્યાર્થી સ્વયંસેવકોને પુરસ્કાર તથા મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ એવોર્ડ મેળવનાર એન.એસ.એસના વિદ્યાર્થી સ્વયંસેવકોને અભિનંદન આપતા જણાવ્યું હતુ કે, વિદ્યાર્થી સ્વયંસેવકો દ્વારા સતત કરવામાં આવેલા કર્મોનું તેમને આજે શ્રેષ્ઠ ફળ મળ્યુંછે. રાષ્ટ્રસેવાના જીવનમંત્ર સાથે દેશમાં પ્રદુષણને નિયંત્રણમાં લાવવા તથા પર્યાવરણનું જતન કરવા માટે આપણા સૌના સહિયારા પ્રયાસ અત્યંત અનિવાર્ય છે. રાષ્ટ્રસેવાએ આપણા તમામ લોકોનો જીવનમંત્ર હોવો જોઈએ. આપણો ભારત એક એવો દેશ છે જેની સંસ્કૃતિમાં યજ્ઞ કરવાનું મહત્વ છે. માત્ર અગ્નિ પ્રજ્વલિત કરીને જ યજ્ઞ કરવો એ યજ્ઞ નથી પરંતુ કોઈના દુ:ખ દુર કરવા, સફાઈ કરવી, પ્રકૃતિનું જતન કરવું તે પણ એક યજ્ઞ કરવા બરાબર છે. આ કાર્યક્રમમાં શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રી મુકેશકુમાર, સંયુક્ત કમિશ્નર શ્રી નારાયણ માધુ, રાજ્ય એન.એસ.એસ અધિકારી શ્રી આર. આર. પટેલ, શ્રેયાન અધિક્ષક શ્રી ચેતનભાઈ પટેલ તથા ગુજરાતની વિવિધ યુનિવર્સિટીના પ્રોફેસર્સ, એન.એસ.એસ કોઓર્ડિનેટર, પ્રોગ્રામ ઓફિસર્સ તથા વોલેન્ટીયર્સ ઉપસ્થિત રહ્યા હતા.

# શનિવારે વણજોયા મુહૂર્તનો દિવસ અખાત્રીજ અને પરશુરામ જયંતિ






ગાંધી.તા.૧૯

શનિવારે તારીખ ૨૨ ના રોજ વણજોયા મુહુર્તનો દિવસ અખાત્રીજ તથા ભગવાન પરશુરામ જયંતિ. આ દિવસે સૌભાગ્ય યોગ ઉત્તમ છે.વૈશાખ માસના સુદ પક્ષની ત્રીજનો દિવસ અક્ષય તૃતિયા કે અખાત્રીજ તરીકે ઉજવાય છે. આ દિવસ પરશુરામ જયંતી તરીકે પણ ઉજવાય છે. ગાંધીનગર માં પરશુરામ જયંતિ ની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવશે. દર વર્ષે પરશુરામ જયંતિ નિમિત્તે મોટી શોભાયાત્રા કાઢવામાં આવે છે.નગરમાં આ પાવન પર્વે પરશુરામજી ના નાદ ગુંજી ઉઠે છે.

વર્ષમાં ચાર વણજોયા મુહુર્તના શ્રેષ્ઠ દિવસો ગણવામાં આવે છે, જે બેસતુ વર્ષ, ચૈત્ર સુદ એકમ, અખાત્રીજ અને દશેરા છે.આમ અખાત્રીજનો દિવસ વણજોયા મુહૂર્તનો હોવાથી આ દિવસે કરેલા કોઈપણ શુભકાર્યનું ફળ અખંડ રહે છે. આ દિવસે જપ, તપ, દાન કરવાથી તેના પુણ્યનો નાસ થતો નથી અને જીવનમાં શાંતિ મળે છે . કહેવાય છે કે પરશુરામ ભગવાન વિષ્ણુનો છઠ્ઠો અવતાર મનાય છે. તેમનો જન્મ બ્રાહ્મણ કુળમાં થયો હતો. પિતા ઋષિ જમદગ્નિ અને માતા રેણુકાના ચોથા પુત્ર એટલે ભગવાન પરશુરામ. તેઓ ભગવાન શિવના ભક્ત હતા. ભગવાન પરશુરામના નામ પાછળ

## પાટનગરમાં પરશુરામ જયંતિ ની ભવ્ય શોભાયાત્રા

પણ એક કહાની પ્રચલિત છે. પૌરાણિક માન્યતા મુજબ તેમના જન્મ સમયે તેમનું નામ રામ રખાયું હતું. તેઓ ભગવાન શિવના પરમ ભક્ત હતા અને અત્યંત કપરી તપસ્યા કરતા હતા.

ત્યારબાદ ભગવાન શિવ તેમના પર ખુબ પ્રસન્ન થયા અને તેમને અનેક શસ્ત્ર-સાધનો આપ્યા. જેમાં એક હથિયાર પરશુ હતું. જે તેમનું મુખ્ય હથિયાર પણ હતું. આ હથિયાર ધારણ કર્યા બાદ તેમનું નામ પરશુરામ પડી ગયું. અત્રે જણાવવાનું કે ભગવાન પરશુરામને તેમના પિતા તરફથી ક્યારેય પરાજીત ન થવાનું વરદાન પ્રાપ્ત હતું. તેઓ ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય અને કર્ણ જેવા મહારથીઓના ગુરુ પણ હતા.

**અખાત્રીજના દિવસના શુભ મુહૂર્તની યાદી:**

દિવસના શુભ ચોઘડિયા
શુભ ૮.૦૦ થી ૯.૩૦
ચલ ૧૨.૪૫ થી ૨.૨૨
લાભ ૨.૨૨ થી ૩.૫૮
અમૃત ૩.૫૮ થી ૫.૩૪

બપોરે અભિજીત મુહૂર્તઃ ૧૨.૨૦ થી ૧.૧૧
રાત્રિના શુભ ચોઘડિયા
લાભ ૭.૦૮ થી ૮.૩૩
શુભ ૯.૫૮ થી ૧૧.૨૧
સાંજે પ્રદોષ કાળનો શુભ સમય ૭.૦૮ થી. ૯.૨૩

એવું મનાય છે કે ભગવાન પરશુરામનો જન્મ ધરતી પર રાજાઓ દ્વારા ફેલાયેલા અધર્મ, પાપને ખતમ કરવા માટે થયો હતો. તેઓ ભગવાન શિવના એકમાત્ર શિષ્ય પણ મનાય છે. પરશુરામ સંલગ્ન અનેક પૌરાણિક કથાઓ જાણીતી છે. તેઓ તેમના જ્ઞાન, ભક્તિ ઉપરાંત ગુસ્સા માટે પણ એટલા જ જાણીતા છે.

આ તિથિ ખૂબ જ શુભ માનવામાં આવે છે. આ દિવસે દાન ઉપરાંત સોનું ખરીદવાનું પણ મહત્વ છે. આ દિવસે લગ્ન વગેરે જેવા માંગલિક કાર્યો મુહૂર્ત વિના કરવામાં આવે છે.પરશુરામનો ઉલ્લેખ રામાયણ, મહાભારત, ભાગવત પુરાણ અને કલ્કી પુરાણ જેવા ઘણા ગ્રંથોમાં થયો છે. તેઓ પૃથ્વીથી ૨૧ વખત ઘમંડી અને અવિશ્વસનીય ક્ષત્રિયોને હણવા માટે જાણીતા છે. દંતકથા મુજબ ભગવાન પરશુરામે તીરને ગુજરાતથી કેરાલા તરફ દબાવીને સમુદ્રને પાછો ખેંચીને એક તીર બનાવ્યું હતું. આ કારણોસર ભગવાન પરશુરામની ખાસ કરીને કોંકણ, ગોવા અને કેરળમાં પૂજા થાય છે. હૈહવકુળનો નાશ કરનાર તેમણે પૃથ્વીને એકવીસ વાર નિઃક્ષત્રિય કરી હતી. પરશુરામનું જન્મસ્થળ મધ્યપ્રદેશમાં ઓમકારેશ્વર પાસે આવેલું માનવામાં આવે છે. કહેવાય છે કે પરશુરામ અમર છે.અખાત્રીજના દિવસથી ચારધામ ની યાત્રાનો પ્રારંભ થશે. આખત્રીજનો આખો દિવસ દરેક શુભ કાર્ય માટે સારો છે. અખાત્રીજના દિવસે ભગવાન વિષ્ણુનુ જળથી પૂજન કરવું શાલીગ્રામ ઉપર ચોખ્ખું જળ ચડાવીને પૂજન કરવું તથા ભગવાન સત્યનારાયણની કથા કરવાથી જીવનમાં શાંતિ મળશે તથા આ દિવસે ગાયોને ઘાસચારો નાખવો પણ ઉત્તમ પુણ્ય કારક ગણાય છે.

**ભગવાન પરશુરામના જન્મની કથા:**

પૌરાણિક માન્યતા અનુસાર, ભગવાન શ્રી હરિ વિષ્ણુનો જન્મ પરશુરામના છઠ્ઠા અવતાર તરીકે રાજા કાર્તવીર્ય સહસ્ત્રાર્જુનના દુષ્કૃત્યોથી ત્રાસેલા ધર્મનિષ્ઠ લોકોની મુક્તિ માટે થયો હતો, જેઓ અન્યાય, અત્યાચાર અને અનીતિના પ્રતીક બન્યા હતા. હરિવંશ પુરાણ અનુસાર, એવું કહેવાય છે કે કાર્તવીર્ય અર્જુન નામનો રાજા હતો, જેણે મહિષ્મતી નગરી પર શાસન કર્યુ હતું. તે અને અન્ય ક્ષત્રિયો ઘણી વિનાશક પ્રવૃત્તિઓમાં રોકાયેલા હતા, જેના કારણે અન્ય જીવો માટે જીવન મુશ્કેલ બન્યું હતું. જે પછી ભગવાન વિષ્ણુએ રેણુકા અને જમદગ્નિના પુત્ર તરીકે પરશુરામના નામથી અવતાર લીધો અને પૃથ્વીને તેમની હિંસા અને ક્રૂરતાથી મુક્ત કરવા માટે કાર્તવીર્ય અર્જુન અને તમામ ક્ષત્રિયોનો વધ કર્યો.

**ભગવાન શિવે આપ્યું હતું પરશુ:**

પરશુરામજી ભગવાન શિવના ભક્ત હતા. તેમણે પોતાની કઠોર તપસ્યાથી ભગવાન ભોલેનાથને પ્રસન્ન કર્યા હતા. તેમના તપથી પ્રસન્ન થઈને મહાદેવે તેમને પોતાનું દિવ્ય અસ્ત્ર પરશુ એટલે કે ફરસા આપ્યું હતું. તેઓ હંમેશા શિવજીનું એ પરશુ ધારણ કરતા હતા, જેથી તેઓ પરશુરામ તરીકે ઓળખાવા લાગ્યા. તેઓ અસ્ત્ર શસ્ત્રમાં બહુ નિપુણ હતા.

# સે.૧૩માં શાંતિનાથ ભગવાનના "ગૃહ ચૈત્ય" ત્રિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સે-૧૩માં શ્રી શાંતિનાથ ભગવાનના "ગૃહ ચૈત્ય" પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત વર્ધમાન તપોનિધિ પ.પૂ.પન્યાસ શ્રી સત્વબોધિ વિજયજી મ.સા.ના સાનિધ્યમાં આજ રોજ તાઃ ૧૯મી એપ્રિલ, બુધવારના રોજ સવારે પૂ.માતૃશ્રી રંજનબેન સેવંતીલાલ શાહ પરિવારે સુંદર અતિશય પ્રભાવક ભાવનાના માધ્યમે શ્રી શાંતિનાથ ભગવાનનો પ્રવેશ કરાવ્યો હતો.

તેઓના પરિવાર દ્વારા ત્રણ દિવસનો પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. પાવન પ્રતિષ્ઠા પ્રદાતા વર્ધમાન તપોનિધિ યુવા પ્રવચનકાર પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી સત્વબોધિવિજયજી મ.સા. આદિઠાણા છે. ગાંધીનગર ખાતે સેક્ટર-૧૩માં મહાત્મા મંદિર પાસે 'નવપદ', પ્લોટ નં-૧૦૮૪/૨ ખાતે ગૃહ ચૈત્ય પ્રતિષ્ઠા પ્રસંગે તા.૨૧મી એપ્રિલથી તા.૨૩મી એપ્રિલ દરમ્યાન ત્રિદિવસીય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મહોત્સવમાં પ્રથમ દિવસ વૈશાખ સુદ-૧, શુક્રવાર, તા. ૨૧મી એપ્રિલના રોજ સેક્ટર-૨૨ જિનાલયે સવારે ૯.૦૦ વાગે પરમસિદ્ધિ અનુષ્ઠાન, સવારે ૧૧.૩૦ વાગે શ્રી શાંતિનાથ આયંબિલ તપ અનુષ્ઠાન, બપોરે ૨.૩૦ વાગે સાંજી તથા શ્રી સંઘની બહેનો દ્વારા મંહેદી રસમ અને સાંજે ૭.૩૦ વાગે શ્રી સંઘના ભાઈઓ-બહેનો દ્વારા મહા આરતી યોજાશે.

દ્વિતીય દિવસ વૈશાખ સુદ-૨, શનિવાર, તા.૨૨મી એપ્રિલે સે-૨૨ જિનાલયે સવારે ૮ વાગે સમૃદ્ધિદાયક શાંતિ-શોભા યાત્રા અનુષ્ઠાન અને સવારે ૧૧.૩૦ વાગે વૃદ્ધિદાયક શાંતિનાથ એકાસણા તપ અનુષ્ઠાન યોજાશે.

મહોત્સવના તૃતીય દિવસ વૈશાખ સુદ-૩, રવિવાર, તા.૨૩મી એપ્રિલે સે-૧૩માં ગૃહ ચૈત્યે સવારે ૬.૩૦ વાગે ચતુર્વિધ શ્રી સંઘ સહિત શ્રી શાંતિનાથ પ્રભુની ગૃહાંગણે પધરામણી, સવારે ૭.૩૦ વાગે પ્રભુનો પ્રવેશ તથા પ્રતિષ્ઠા વિધિ અને સવારે ૮.૦૦ વાગે પૂ. ગુરુ ભગવંતનું માંગલિક પ્રવચન યોજાશે ત્યારબાદ સકળ શ્રી સંઘની નવકારશીનું આયોજન કરાયું છે.



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા વાવોલ ખાતે આનંદ નો ગરબો યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી માતાજીના ગરબા અને ભજન કીર્તન

# ગજાનન સેવા સમિતિ દ્વારા કપડાંનું વિતરણ



ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના રહેવાસી પારસભાઈ પ્રજાપતિ દ્વારા મોડાસા તાલુકાની છાત્રેશ્વરી નીશાળમાં તમામ બાળકોને બે જોડ નવા કપડાનું વિતરણ કર્યુ હતુ. ગજાનન સેવા સમિતિ દ્વારા અનાજ વિતરણ કાર્યક્રમમાં તેઓ આવ્યા હતા. શાળાના બાળકોને માટે કાંઈક કરવાની ઈચ્છા જાગૃત થઈ હતી. તેઓએ બે વખત લાડુ સાથેનુ તિથી ભોજન પણ ત્યાં કરાવ્યુ હતુ.

# મીના બજારને ચાર ચાંદ ક્યારે લાગશે ?

**ગાંધીનગરનું હબ ગણાતુ મીનાબજાર ક્યારે વિકાસ પામશે : વેપારી મંડળ દ્વારા આ વિસ્તારનો વિકાસ કરવાની માંગ ઉઠી**

ગાંધીનગર, તા. ૧૯

'મીનાબજાર'માં ગુજરાત સરકાર તરફથી કુલ ૧૫૨ દુકાનો ફાળવી આપ્યાને ૨૧ વર્ષ થયા છે, પરંતુ મીનાબજારનો જેવો વિકાસ થવો જોઈએ તેવો વિકાસ થયેલ નથી.

હાલમાં સેક્ટર-૨૧, ૨૪ અને ૭ માં પેવર પથ્થર બ્લોકની કામગીરી ધમધોકાર અને આધુનિક ઢબે કરવામાં આવી છે જે ખરેખર વખાણવાને પાત્ર છે. મીનાબજારમાં ચોમાસામાં પાણીનો ભરાવો વધારે થાય છે જેનાથી ગંદકી થતા બહારથી આવતા કર્મચારીઓ, અધિકારીઓ, ધારાસભ્યો તથા પ્રવાસીઓ ઉપર આની ખૂબ જ ખરાબ છાપ પડે છે અને તેઓને આવવા જવામાં ખૂબ જ તકલીફ પડે છે.

વધુમાં મીનાબજાર એ ગાંધીનગરનું હબ છે. ગાંધીનગરના અને આજુબાજુના વિસ્તારના ગ્રાહકોને દરેક વસ્તુ સસ્તી અને સારી મળી રહે છે તેમજ આ મીનાબજાર જાણીતુ સ્થળ બની રહે તે રીતે વધુ આકર્ષક બનાવી આપવા તંત્ર દ્વારા પ્રયાસ કરવો જોઈએ. આ બજારને ચાર ચાંદ લાગે તેવુ બનાવવા તમામ વેપારી મિત્રો દ્વારા માંગ કરવામાં આવી છે.

# દેશની સૌથી મોટી રોબોટિક્સ સ્પર્ધામાં શ્રેષ્ઠ ૧૫૧ રોબોટને ઈનામની જાહેરાત

**ગુજકોસ્ટ દ્વારા ભારતની સૌથી મોટી રોબોટિક્સ સ્પર્ધા રોબોફેસ્ટ – ગુજરાત ૩.૦માં ૧૫૧ ટીમો માટે રૂ. ૭૫.૫૦ લાખ ઈનામી રકમની જાહેરાત : પસંદ કરાયેલી ટીમમાં ગુજરાતની ૧૨૧ ટીમો**

ગાંધીનગર, ૧૯

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ) દ્વારા ૧૫૧ ટીમો માટે રૂ. ૭૫.૫૦ લાખ ઈનામી રકમની જાહેરાત કરવામાં આવી છે. દેશમાં આ પ્રકારની સૌપ્રથમ સ્પર્ધા છે જેમાં શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ રોબોટ બનાવવાની સ્પર્ધા પર તેમના સર્જનાત્મક વિચાર માટે સન્માનિત કરાય છે.

રોબોફેસ્ટ-ગુજરાત પ્રોગ્રામનું પ્રથમ સ્તર છે જે ગુજરાત સાયન્સ સિટી સાથે સંયુક્ત રીતે આયોજિત રૂ. ૫.૦૦ કરોડની ઈનામી રકમ સાથે ભારતની સૌથી મોટી રોબોટિક સ્પર્ધા તરીકે શરૂ કરવામાં આવી હતી. રોબોટ્સમાં આપણા જીવનને વધારવાની ક્ષમતા છે અને તે આપણી દિનચર્યાના વધુ અભિન્ન ભાગ તરીકે છે. રોબોટિક્સના ક્ષેત્રમાં ખૂબ જ ઉજ્જવળ ભવિષ્ય છે અને ટૂંક સમયમાં જ અત્યાધુનિક રોબોટ્સના ઉપયોગમાં ઘણો વધારો થશે જે માનવીઓ સાથે મળીને કામ કરશે. યુવા પેઢીને રોબોટ બનાવવાના ટૂલ્સ અને ટેકનિકોથી માહિતગાર કરવા તેમજ દેશના વિદ્યાર્થીઓમાં રોબોટિક્સ કલ્ચરને પ્રોત્સાહન આપવા માટે, ગુજકોસ્ટે ૨૦૨૧થી આ સ્પર્ધા શરૂ કરી છે.

ગુજકોસ્ટે સાત પ્રકારના રોબોટ્સની ઓળખ કરી છે, જે દેશની STEM સંસ્થાઓના વિદ્યાર્થીઓ દ્વારા વિકસાવવામાં આવશે તેવી અપેક્ષા છે જેમાં બે પૈડાવાળા સ્વ-સંતુલિત રોબોટ્સ, સબમરીન અથવા અંડર વોટર રોબોટ, રોવર્સ (આઠ પૈડાં, ૩ થી ૪ ફ્રી સાઈઝ) નો સમાવેશ થાય છે.

કેમેરા માઉન્ટેડ, ઓટો મેમરી/ જીપીએસ માર્ગદર્શિત), હેક્સાપોડ રોબોટ, સ્વૉર્મ રોબોટ્સ, ફન રોબોટિક્સઃ મેઝ સોલ્વિંગ રોબોટ વગેરે. આ કાર્યક્રમ ૨૯મી ઑક્ટોબર ૨૦૨૨ લના રોજ શરૂ કરવામાં આવ્યો હતો અને ગુજકોસ્ટને ઉપરોક્ત ૭ શ્રેણીઓમાં ભારત તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાંથી ૬૨૯ નોંધણીઓ પ્રાપ્ત થઈ છે. આમાંથી, ૧૫૧ વિચારોની ભલામણ ટેકનિકલ સલાહકાર સમિતિ દ્વારા કરવામાં આવી હતી, જેમાં સંપૂર્ણ મૂલ્યાંકન પછી BARC, IITs, SVNIT અને iCreate ના ડોમેન નિષ્ણાતોનો સમાવેશ થાય છે. પસંદગીની ટીમોમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની ચાર ટીમોનો પણ સમાવેશ થાય છે, જેમ કે એરપોર્ટ સ્કૂલ અમદાવાદ, ડીએનજે આદર્શ હાઈસ્કૂલ ડીસા, ગુજરાત અને બીસીએમ આર્ય મોડલ સિનિયર સેકન્ડ. શાળા, લુધિયાણા, પંજાબ. આ અનન્ય પ્લેટફોર્મ પ્રતિભાઓને ઉછેરશે અને શાળાના વિદ્યાર્થીઓને પ્રીમિયર વૈજ્ઞાનિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ સાથે કામ કરવા પ્રોત્સાહિત કરશે. પસંદ કરાયેલી ટીમને દરેકને રૂ. ૫૦,૦૦૦/-નું રોકડ ઈનામ મળશે અને મેરિટ પ્રમાણપત્ર સાથે રોકડ તેમના વિચારોને આકાર આપશે અને બે મહિનાના સમયગાળામાં સંબંધિત શ્રેણીઓમાં તેમના રોબોટ્સનો પ્રૂફ ઓફ કોન્સેપ્ટ (PoC) તૈયાર કરશે અને અંતે પ્રોટોટાઈપ સબમિટ કરશે. ગુજરાત સાયન્સ સિટીની રોબોટિક ગેલેરી ખાતે ગુજકોસ્ટ રોબોટિક સ્પર્ધાની ભવ્ય ફિનાલેનું આયોજન કરશે અને અંતિમ ઉત્પાદનો મુલાકાતીઓ માટે ગેલેરીમાં પ્રદર્શિત કરવામાં આવશે. આ પ્રોગ્રામ STEM વિદ્યાર્થીઓના શીખવાની શોધમાં ખૂબ મહત્વ ધરાવે છે કારણ કે તેમાં નવા અને નવીન વિચાર પર કામ કરવું, ખ્યાલનો નક્કર પુરાવો તૈયાર કરવો અને અંતે પ્રોટો-ટાઈપ રોબોટને વિવિધ કેટેગરીમાં વિકસાવવાનો સમાવેશ થાય છે. આ રોબોટ બનાવવાની ખૂબ જ સારી પ્રક્રિયા છે જે દેશના વિદ્યાર્થીઓમાં નવા સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગસાહસિકતાના સંદર્ભમાં ખૂબ જ સારું બજાર મૂલ્ય ધરાવે છે.

## ગુજકોસ્ટે પ્રથમ તબક્કાનું પરિણામ જાહેર કર્યું

ગુજકોસ્ટે પ્રથમ તબક્કાનું પરિણામ જાહેર કર્યું જેમાં ૧૫૧ શોર્ટલિસ્ટ કરાયેલ દરખાસ્તોની યાદી જેમાં રોબોટ બનાવવાની સ્પર્ધાની તમામ ૭ શ્રેણીઓમાંથી ૭૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે તે પરિશિષ્ટ-૧ તરીકે જોડાયેલ છે. પસંદ કરાયેલી ટીમમાં ગુજરાતની ૧૨૧ ટીમો, દેશના અન્ય રાજ્યોમાંથી ૩૦ ટીમો અને IIT મદ્રાસ, NIT, તિરુચિરાપલ્લી, IIT ધનબાદ, IIT મુંબઈ, VNIT નાગપુર, IIT જમ્મુ, NIT રૂરકેલા, NIT જમશેદપુર, લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી, આસામ એન્જિનિયરિંગ કોલેજ, ચંદીગઢ યુનિવર્સિટી, MANIT ભોપાલ અને VNIT નાગપુર સહિતની અગ્રણી વૈજ્ઞાનિક અને શૈક્ષણિક સંસ્થાઓનો સમાવેશ થાય છે. ગુજકોસ્ટ તમામ ક્વોલિફાઈંગ ટીમોને તેમની સિદ્ધિ બદલ અભિનંદન આપે છે અને સ્પર્ધાના બીજા તબક્કામાં તેમના સર્જનાત્મક રોબોટ્સ જોવા માટે ઉત્સુક છે.